ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૪૯ ટકા

# સે-૧૯ સ્વીમીંગ પુલમાં તરવૈયાને હાર્ટ એટેક

## સ્વીમીંગના સિનિ. કોચના પુત્ર એ સ્વીમીંગ પુલમાં અંતિમ શ્વાસ લીધો : પરિવાર અને સંકુલમાં શોકનો માહોલ

ગાંધીનગર, તા.૧૦
શહેરના સેકટર-૧૯ ખાતે આવેલા જીમખાનામાં સ્વીમીંગ પુલમાં જ એક તરવૈયાને હાર્ટ એટેક આવી જતા સન્નાટો છવાઈ ગયો હતો. સ્વીમીંગના સિનિ. કોચના ૪૩ વર્ષીય પુત્રનું જ હાર્ટ એટેક આવતા પ્રાણ પંખેરું ઉડી ગયું હોવાની ઘટનાથી શોકની કાલીમા છવાઈ ગઈ હતી. આજે સવારે પુલમાં સ્વીમીંગ કરતી વખતે જ બનેલી આ ઘટનાથી પાણીમાં જ શ્વાસ રૂંધાઈ ગયો અને અંતિમ શ્વાસ લીધો હતો. સે-૨૧ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પોસ્ટ મોર્ટમ કરાવી ઘટનાની તપાસ શરુ કરી છે.

કુડાસણ સ્થિત અર્પણ ફલેટમાં રહેતા ૪૩ વર્ષીય ચેતનભાઈ કાંતિભાઈ ઉપાધ્યાય આજે સવારે સે-૧૯ સ્વીમીંગ પુલમાં સ્વીમીંગ કરી રહ્યા હતા ત્યારે અચાનક તેમને હાર્ટ એટેક આવી જતા પાણીમાં જ તેમણે અંતિમ શ્વાસ લીધો હતો. ચેતનભાઈના પિતા કાંતિભાઈ ઉપાધ્યાય સ્વીમીંગના સિનિયર કોચ છે. ચેતનભાઈના ભાઈ પણ અમેરિકામાં ખુબ સારું તરણ કૌશલ્ય ધરાવે છે અને તેમની બહેન પણ અમેરિકા ખાતે સ્વીમીંગ કોમ્પિટીશનમાં ગોલ્ડ મેડલ મેળવી ચુકયા છે. તરવૈયા ચેતનભાઈને અચાનક હૃદયરોગનો હુમલો આવતા આ ઘટના સર્જાઈ હતી. તાત્કાલીક તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા પરંતુ તબીબે તેમને મૃત જાહેર કરતા પરિવાર અને જીમખાના સંકુલમાં શોક છવાઈ ગયો હતો. સે-૨૧ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવી તપાસ શરુ કરી છે. નોંધનીય બાબત છે કે આ સ્વીમીંગ પુલ ૧લી નવેમ્બરથી હંગામી ધોરણે બંધ કરવાનો હતો પરંતુ સભ્યોની માંગને ધ્યાને લઈ ૧૫ તારીખ સુધી ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો હતો.



**@ગાંધીનગર**

● સે-૧૩ લિમ્બચ ધામ ખાતે બપોરે ૩.૦૦ કલાકે ખાસ સેમિનારનું આયોજન.

### આજે ટાઉનહોલમાં શ્રી રામનાટકમ્ યોજાશે

ગાંધીનગર, તા.૧૦
નગરની જાણીતા સંસ્થા કલાગુર્જરી દ્વારા તા. ૧૧ નવેમ્બર ૨૦૧૭ શનિવારના રોજ રાત્રે ૯.૩૧ કલાકે ટાઉનહોલ ગાંધીનગર ખાતે સંત તુલસીદાસ રચિત રામચરિતમાનસ પર આધારિત સંગીતમય નૃત્યનાટિકા 'શ્રી રામનાટકમ્' રજુ કરાશે. જેની પરિકલ્પના, સંકલન અને નૃત્ય દિગ્દર્શન જાણીતા નૃત્યગુરુ ડોલીબેન દેસાઈ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમની સર્વપ્રથમ રજુઆત ગત માસે પુ. મોરારીબાપુની ઉપસ્થિતિમાં સોમનાથ ક્ષેત્રમાં શ્રી રામ મંદિરની પ્રતિષ્ઠા સમયે કરવામાં આવી હતી. આ કાર્યક્રમ વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર, ઉદેપુરના સૌજન્યથી અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના સહયોગથી યોજાઈ રહેલ છે. કલાગુર્જરીના પ્રમુખ એન.પી. પટેલે ઉક્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરેલ છે.

# ગાંધીનગર ખાતે કાનૂની સહાય દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા







ગાંધીનગર, તા.૧૦
નામદાર ગુજરાત હાઈકોર્ટની તેમજ ગુજરાત સરકારની સુચના અનુસાર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા ઉવારસદ ખાતે આવેલ યુનાઈટેડ વર્લ્ડ સ્કુલ ઓફ લોના સહયોગથી ઉવારસદ ગામ ખાતે પી.એલ.વી. તેમજ લોના સ્ટુન્ડન્ટ દ્વારા કાનૂની સેવા દિવસ નિમિત્તે કાનૂની જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ગામના લોકોને કાયદાકીય માહિતી પુરી પાડવામાં આવી હતી.

આ કાર્યક્રમ હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના પેરા લીગલ વોલન્ટીયર્સ તેમજ પેનલ વકીલ દ્વારા ઓટોરીક્ષા પાછળ કાનૂની સહાય કયાંથી અને કોને મળે તે અંગેની જાણકારી આપતા સ્ટીકર લગાવવામાં આવ્યા હતા.

જિલ્લા કાનૂની સેવા મંડળ ગાંધીનગર તેમજ ઉત્તર ગુજરાત વીજ કંપનીના સહયોગથી ઉત્તર ગુજરાત વીજ કંપનીની કોલોની-જીઈબી કોલોની-પેથાપુર ખાતે કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના અધ્યક્ષ તેમજ પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એ.સી. રાવ દ્વારા કાનૂની જાગૃતતા દિન નિમિતે મહિલાઓના કાયદા વિષે મહિલાઓને ઉંડી વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ શિબિરમાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નોતરીમાં ભાગ લઈ કાયદાકીય બાબતો વિશે જાણકારી મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

# શહેરના શૌચાલયો પણ ઓફીસ ટાઈમે બંધ : નાગરીકો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૧૦
શહેરમાં જાહેરમાં કોઈને શૌચક્રિયા કરવા જવુ ન પડે તે માટે તંત્ર દ્વારા ઠેર ઠેર અદ્યતન શૌચાલય ઉભા કરાયા છે. પરંતુ શહેરના આ શૌચાલય ઓફિસ ટાઈમે ખુલે છે અને બંધ થાય છે.જેને પગલે શહેરનો સામાન્ય નાગરીક હેરાન થાય છે અને હાડમારી વેઠવાનો વારો આવે છે. ત્યારે તંત્ર દ્વારા લાખો રૂપીયાના ખર્ચે તૈયાર કરાયેલા શૌચાલયો શોભાના ગાંઠીયા સમાન બની જવા પામ્યા છે.

ગાંધીનગર શહેરના વાણીજય વિસ્તાર તેમજ મુખ્ય બજારો સહિત તંત્ર દ્વારા સેકટરોમાં પણ ખાસ અદ્યતન શૌચાલયો તૈયાર કરાયા છે. આ શૌચાલયનો ઉપયોગ વિશેષ રુપે શ્રમિક નાગરીકો કરે છે. શહેરના નાગરીકોને શૌચક્રિયા માટે દુર જવુ ન પડે. શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહે અને ગંદકીના પ્રમાણમાં ઘટાડો નોંધાય. શહેરમાં વસતા દરેક નાગરીક માટે તંત્ર દ્વારા શહેરના સેકટરો, સર્કલો તેમજ વાણીજય વિસ્તારમાં પણ ખાસ તકેદારી રાખીને જાહેર શૌચાલયો ઉભા કરાયા છે. પરંતુ આ શૌચાલયો ખાસ કરીને ઓફિસ ટાઈમમાં શરુ રહે છે તેવો સૂર નાગરીકોમાં ઉઠવા પામ્યો છે. રાઉન્ડ ધ કલોક ખુલ્લા રાખવાની જગ્યાએ માત્ર સવારથી સાંજ શૌચાલયો ખુલ્લા રાખવામાં આવે છે, બાકી સાંજ ઢળતા જ શૌચાલયો બહાર મસ મોટા તાળા લટકતા જોવા મળે છે. જયારે શૌચાલય પર હાજર વ્યકિતઓને પુછતા કંઈ પણ કહેવા તૈયાર હોતા નથી. જયારે શહેરમાં કેટલાક સ્થળો પર રાઉન્ડ ધ કલોક શૌચાલયો ખુલ્લા રહે છે. શહેરમાં લાખો રૂપીયાના ખર્ચે તૈયાર કરાયેલા શૌચાલયો લોકઉપયોગી બની રહે તેવી વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવે તેવી જરૂરીયાત ઉભી થવા પામી છે. જયારે શૌચાલયો શોભાના ગાંઠીયા સમાન ન બની રહે તે જોવાની પણ તંત્રએ જરુર છે. જયારે ઓફિસ ટાઈમે ખુલ્લા કે બંધ થતા શૌચાલયો પર ફરજ બજાવતા કર્મચારીઓ ઉપર લાલ આંખ કરવાની તંત્રને જરૂરીયાત છે. ત્યારે શૌચાલયો ચોવીસ કલાક શરુ રાખવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# ૨૫ વર્ષીય પરિણીતાનો રાંચરડાના ખેતરમાંથી શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો

## સાંતેજ પોલિસે ફોરેન્સીક અધિકારી બોલાવી મૃતદેહ પી.એમ. માટે મોકલ્યો : મૃત્યુનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા.૧૦
કલોલ તાલુકાના રણછોડપુરા વિસ્તારમાં પિયરમાં આવેલી ૨૫ વર્ષીય પરિણીતા બે દિવસથી ભેદી રીતે લાપતા થઈ ગઈ હતી. આજે પરિણીતાનો રાંચરડા ગામમાં એક પડતર ખેતરમાંથી શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. સાંતેજ પોલિસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી એફએસએલની ટીમ બોલાવી વૈપાનિક ઢબે તપાસ શરુ કરી છે. જો કે મૃત્યુનું કારણ હજુ બહાર આવી શકયું નથી. સાંતેજ પોલિસે ઉંડી તપાસ શરુ કરી છે.



મળતી માહિતી મુજબ કલોલ તાલુકાના રણછોડપુરા ગામમાં રહેતી ૩૫ વર્ષીય દક્ષા બળદેવભાઈ ઠાકોરના લગ્ન ડભોડા નજીક ફિરોજપુર ગામે થયેલા હતા. જો કે પિયરમાં ડાંગર વાઢવાનું કામ ચાલતું હોવાથી થોડા દિવસોથી દક્ષા તેણીના દિકરાને લઈને પિયરમાં રહેવા આવી હતી. ૭મી તારીખે રાત્રે દક્ષા તેના દિકરાને લઈને તેણીના ખેતરના જ બીજા મકાનમાં સુવા ગઈ હતી અને મોડી રાત્રે દિકરાએ જોર જોરથી રડવાનું શરુ કરતા નજીકમાં રહેતા તેના પિયરના સભ્યો ત્યાં આવી પહોંચ્યા હતા. ત્યાં આવીને જોયુ તો દિકરો રૂમમાં હતો પણ દક્ષા ગાયબ હતી. ભેદી રીતે લાપતા થયેલી દક્ષાની બે દિવસથી શોધખોળ પરિવારજનો કરી રહ્યા હતા પરંતુ તેણીની ભાળ મળતી ન હતી. દરમિયાન આજે રાંચરડા ગામની સીમમાં જયેશભાઈના પડતર ખેતરમાંથી દક્ષાનો મૃતદેહ મળી આવતા અનેક શંકાઓએ જન્મ લીધો છે. તેણીના શરીર પર કોઈ ઘા કે ઈજાના નિશાન નથી પરંતુ ખેતર પાસેથી એક શર્ટ પણ મળી આવ્યો છે. સાંતેજ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. ઘટના સ્થળે એફએસએલના સાયન્ટીફીક ઓફીસર જી.પી. દરબાર પણ આવી પહોંચ્યા હતા અને કેટલાક સેમ્પલ લઈ વૈજ્ઞાનિક ઢબે તપાસ શરુ કરી છે.

# સિવિલમાં ડાયાલીસીસના દર્દીઓને બ્લડ માટે ધરમધક્કા

ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગર સિવિલમાં ઉભુ કરવામાં આવેલ ડાયાલીસીસ સેન્ટર કીડનીના દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થયુ છે. પરંતુ અહીં કિડનીના દર્દીઓ માટે નેફ્રોલોજીસ્ટ ડોકટર માત્ર ગુરુવાર અને શનિવાર બે દિવસ આવે છે. જયારે અન્ય દિવસે ડાયાલિસીસ માટે આવતા દર્દીઓને બ્લડ ચઢાવાનું હોય તો તેઓને સ્પેશીયલ ધક્કો ખાવાનો વારો આવે છે. નેફ્રોલોજીસ્ટ ડોકટરનો વારો ના હોય તેવા સમયે સિવિલ તંત્ર દ્વારા બ્લડ લખી આપવામાં આવે તો દદીને સરળતા રહે તેમ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઈન્સ્ટટયુટ ઓફ કિડની ડિપાર્ટમેન્ટના સહયોગથી ૬૦૦ બેડની હોસ્પિટલના બિલ્ડીંગમાં ત્રીજા માળે ડાયાલિસીસ સેન્ટર ઉભુ કરાયુ છે. ગાંધીનગરના ડાયાલિસીસ સેન્ટરમાં અંદાજે ૮૦ દર્દીઓ લાભ લે છે. આ દર્દીઓ માટે નેફ્રોલોજીસ્ટ ડોકટર પણ રાખવામાં આવેલ છે. આ નેફ્રોલોજીસ્ટ ડોકટર માત્ર ગુરુવાર અને શનિવારના દિવસે નિયમ મુજબ આવે છે. જેનો લાભ દરેક દર્દીને મળે છે પરંતુ કેટલીક વાર દર્દીને જ્યારે બ્લડ માટે ડોકટરની જરુરીયાત ઉભી થાય ત્યારે લખ્યા વગર કોઈ બ્લડ આપવા તૈયાર થતુ નથી. જયારે સિવિલ તંત્ર પણ અમે તો માત્ર જગ્યા આપી છે ડાયાલિસીસ સેન્ટરનું સંચલન અમદાવાદથી થાય છે, તેવા સુંદર બહાના હેઠળ છટકી જવાનો પ્રયાસ કરે છે. જેથી સોમવારથી બુધવાર સુધીમાં ડાયાલીસીસ માટે આવતા દર્દીઓને સ્પેશીયલ બ્લડ માટે ધક્કો ખાવાનો વારો આવે છે. જયારે સિવિલ તંત્ર દ્વારા પણ આ દર્દીઓને બ્લડનું લખાણ લખી આપવામાં આવે તો તેઓને બ્લડ સરળતાથી મળી રહે તેમ છે. ત્યારે કિડનીના રોગમાં પિડાતા દર્દીઓ માટે તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં તેમ દર્દથી કણસી રહેલા દર્દીઓ ઈચ્છી રહ્યા છે.

# હવેલી ગોળ ગુરૂ બ્રાહ્મણ સમાજનો સ્નેહમિલન સમારોહ આજે યોજાશે

ગાંધીનગર, તા.૧૦
નવ પરગણા બસો બ્યાસી પૈકી સત્યાવીસ પરગણાના હવેલી ગોળ ગુરૂ બ્રાહ્મણ સમાજનો ચોથો સ્નેહમિલન સમારોહ તા. ૧૧મી નવેમ્બરના રોજ સવારે નવ વાગે ડૉ. આંબેડકર ભવન સે-૧૨માં યોજાશે.

સમારંભમાં કે.જી. વણઝારા અધિક સચિવ, ગુજરાત રાજય પી.કે. ગઢવી આઈ.એ.એસ. નિવૃત્ત દલિત સાહિત્યકાર નવનીતભાઈ દવે (ત્રાગડ), ઉવારસદા-કાગળાવાળા ગામના અગ્રણી ડાહ્યાભાઈ કચરાભાઈ દવે, ઝીણાભાઈ કચરાભાઈ દવે-પેથાપુર, ગંગારામ એફ. શ્રીમાળી-સીલજ ઉપસ્થિત રહેશે. પૂ. કાલીદાસ બાપુ (દિગસર) આશીર્વચન આપશે.તો સમાજના સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

### સમસ્ત પાટીદાર સમાજનો જીવનસાથી પસંદગી મેળો

પટેલ સમાજના આગેવાનો દ્વારા સમસ્ત પાટીદાર પટેલના સંતાનો માટે જીવનસાથી પસંદગી મેળો વિના મૂલ્યે તા. ૧૨મી નવેમ્બરથી ૩૦ નવેમ્બર સુધી સવારે ૧૦થી ૫ કલાક દરમિયાન યોજાશે. ઈચ્છુકે બાયોડટા સાથે વિશ્વકર્મા સોસાયટી, પેટ્રોલ પંપ સામે, જોધપુર ચાર રસ્તા, ક્રોસ રોડ-સેટેલાઈટ-અમદાવાદ ખાતે હાજર રહેવા જણાવાયું છે.

# પંચદેવ મંદિર નજીકથી દારૂની બોટલો લઈને જતો એકટીવાચાલક પકડાયો

## માણસા પોલિસે સમૌમાં દરોડો પાડી તબેલામાં સંતાડેલો દારૂનો જથ્થો પકડયો

ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગર શહેરના સે-૨૨ ખાતે પંચદેવ મંદિર નજીકથી ગાંધીનગર એસઓજીની ટીમે ચોકકસ બાતમી આધારે એકટીવા લઈને દારૂની હેરાફેરી કરતા ખેપીયાને પકડી પાડયો હતો. તો બીજી તરફ માણસા પોલિસે સમૌ ગામના બુટલેગરના તબેલામાં દરોડો પાડી ત્યાં સંતાડેલો દારૂની બોટલોનો જથ્થો પકડી પાડયો હતો. એસઓજીએ ૭૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરી એકની ધરપકડ કરી છે જયારે એક ફરાર છે. જયારે માણસા પોલિસે રૂ.૬ હજારનો દારૂ જપ્ત કરી ફરાર બુટલેગરની શોધખોળ શરુ કરી છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ.પરેશ સોલંકીની ટીમે બાતમી આધારે સે-૨૨ પંચદેવ મંદિર નજીક વૉચ ગોઠવીને જીજે ૦૧ એનજે ૩૧૭૩ નંબરનું એકટીવા લઈને જતા સે-૧૫ કૈલાશધામ એપાર્ટમેન્ટમાં રહેતા શખ્સ મુકેશ રમણલાલ પ્રજાપતિને દબોચી લીધો હતો. તેના એકટીવામાંથી ૨૪ નંગ વિદેશી દારૂની બોટલ તથા ૨ નંગ બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. ભિલોડા તાલુકાના મોદનુ ગામના સમીર નામના શખ્સનું નામ ખુલતા તેની ધરપકડ માટે એસઓજીએ તજવીજ શરુ કરી છે. એસઓજીએ દારૂ-બિયર, મોબાઈલ અને એકટીવા મળી રૂ. ૭૦,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી મુકેશની વધુ પુછતાછ શરુ કરી છે. તો બીજી તરફ માણસા પી.આઈ. જે.ડી.મેવાડાની ટીમને બાતમી મળી હતી કે સમૌ ગામનો ચાવડા પ્રદિપ નવુજી તેના ગોવિંદપુરા જવાના રસ્તા તરફ ટેંબાના ખેતરમાં ભેંસોના તબેલા નજીક પરારની આડમાં વિદેશી દારૂ સંતાડી દારૂનો વેપલો કરે છે તે આધારે દરોડો પાડી ૧૫ નંગ વિદેશી દારૂની બોટલો (કિં.રૂ. ૬૦૦૦) જપ્ત કરી બુટલેગરની શોધખોળ શરુ કરી છે.



# જિલ્લાની અનેક શાળાઓમાં મતદાર જાગૃતિ અંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન








ગાંધીનગર જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી – ૨૦૧૭ અંતર્ગત મતદારોમાં જાગૃત્તિ આવે તેવા ઉમદા આશયથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં દહેગામ અને માણસા તાલુકામાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શાળામાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મતદાન જાગૃતિ માટે માણસા તાલુકાની ઈન્દ્રપુરા પ્રાથમિક શાળા અને દહેગામ તાલુકાના મોતીપુરા તથા શિયાવાળા ગામની શાળામાં ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામ ખાતે બાળકો દ્વારા ગામમાં રેલી કરીને મતદાન જાગૃતિના બેનર અને સૂત્રોચારો કરવામાં આવ્યા હતા. દહેગામ તાલુકાના મોતીપુરા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા ગામમાં વાલી સંપર્ક કરીને મતદાન જાગૃતિ લાવવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગામની શાળાના બાળકોને સંકલ્પ પત્રો અને વીવીપેટની માહિતી આપતી પેમફલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### ચક્ષુદાન

ન્યુ ગાંધીનગરના કુડાસણમાં આવેલ પૂર્ણમ રેસીન્સી બ્લોક નં. ઈ ખાતે રહેતા ચેતન કાંતિલાલ ઉપાધ્યાયનું દુ:ખદ અવસાન આજ રોજ થવા પામ્યું છે. તેઓના કુટુંબીજન કાંતિલાલ ઉપાધ્યાયની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે. આ કાર્યમાં તબીબી સેવા ડૉ. મેઘા અને ડૉ. પ્રશાંથી તેમજ જુસીકાના કાર્યકર હિતેષ રાવલ અને સન્ની વાઘેલાએ સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (સિવિલ હોસ્પિલ) ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય ડી.એમ. પરમાર અને દશરથ પટેલે કર્યું હતું.

### ચિરવિદાય

● સ્વ. હર્ષદભાઈ શાંતિલાલ પંડયા, ઉ.વ. ૬૨